# :: પરિપત્ર ::

વિષયઃ– નવસારી કૃષિ યુનિવર્સિટીના વ્યારા કેન્દ્ર માં રહેણાંકના મકાનો ફાળવવા માટે આ કેન્દ્રો પર મકાન સમિતિની રચના કરવા અંગે.

તા. ૧૧.૦૬.૨૦૨૦ ના રોજ ૨૩ મી મકાન ફાળવણી સમિતીની બેઠકના મુદદા નં ૨૩ઃ૧૬ માં ઠરાવ્યા મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટીના પેટા કેન્દ્ર ૨૦૧૦ માં વ્યારા ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળ આવેલા ત્રણેય કેન્દ્રો (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર અને પોલીટેકનીક કોલેજ) ના અલગ અલગ યુનિટ હેડ ના તાબામાં આવેલા તમામ મકાનો ની યુનિવર્સિટીના / સરકારશ્રીના વખતો વખતના મકાન ફાળવણીના નિયમો, પરિપત્રો વગેરે મુજબની ફાળવણી કરવા માટે નીચે મુજબની સમિતીની રચના સર્વાનુમતે કરવામાં આવે છે.

આ સમિતી માં અધ્યક્ષ તરીકે સહ સંશોધન નિયામકશ્રી, નવસારીની નિમણુંક કરવામાં આવેલ હોય સમિતીના સભ્ય સચિવ કયા અધિકારીને બનાવવા તે અંગેનો નિર્ણય લેવાની સત્તા આ સમિતીને સર્વાનુમતે આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દેદારોની વિગત | પદની વિગત |
|---|---|---|
| ૧. | સહ સંશોધન નિયામકશ્રી, સંશોધન નિયામકશ્રીની કચેરી, ન. કૃ. યુ., નવસારી | અધ્યક્ષ |
| ૨. | આચાર્યશ્રી , પોલીટેકનીક કોલેજ, | સભ્ય |
| ૩. | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર | સભ્ય |
| ૪. | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ | સભ્ય |
| ૫. | રેકટર / મદદનીશ રેકટર, પોલીટેકનીક કોલેજ, | સભ્ય |
| ૬. | વ્યારા કેન્દ્રનો હવાલો સંભાળતા સબંધિત ના.ઈજનેર | સભ્ય |

ઉપરોકત સમિતીએ વ્યારા કેન્દ્ર ખાતે આવેલ રહેણાંકના મકાનોમાં નીચે મુજબની બાબતોને ધ્યાનમાં લઈ ને રહેણાંકના મકાનોની ફાળવણી કરવાની રહેશે.

૧. વ્યારા કેન્દ્ર ખાતે આવેલ રહેણાંકના મકાનોની ફાળવણી યુનિવર્સિટીના તથા સરકારશ્રીના વખતો વખતના નિયમો / પરિપત્રો મુજબ કરવાની રહેશે.

૨. આ કેન્દ્રમાં કોઈ પણ યુનિટ ના હસ્તકના રહેણાંકના મકાનો ની ફાળવણી માં જે તે યુનિટના તાબા ના જે કક્ષાના મકાનો હોય તેમાં જે તે યુનિટના કર્મચારીને ફાળવણીને અગ્રિમતા આપવાની રહેશે.

૩. જે તે યુનિટના તાબા ના જે તે કક્ષાના મકાનો માં જે તે યુનિટના કોઈ કર્મચારીની માંગણી ન હોય તો અગ્રતાક્રમના અનુસાર જે તે યુનિટના ખાલી મકાનની ફાળવણી કરવાની રહેશે.

૪. ઉપરોકત ફાળવણીમાં આવશ્યક સેવાઓ ને ધ્યાને લઈ રહેણાકની માંગણી બાબતે સમિતી એ યોગ્ય વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૫. કોઈ પણ પ્રકારના વિવાદમાં યુનિવર્સિટી કક્ષાની મકાન ફાળવણી સમિતી તથા માનનીય કુલપતિશ્રી નો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે.

વ્યારા કેન્દ્ર ખાતે ઉપરોકત કમિટીએ યુનિવર્સિટીના નકકી કરેલ ધારા ધોરણ અને નિયમોનુસાર યુનિવર્સિટી હિતમાં મકાન ફાળવણી કરવાની રહેશે.

જા.નં. નકૃયુ/કાઈ/બી–૪/ ૪૧૦૫–૧૧ /૨૦૨૦
તા. ૨૬.૦૬.૨૦૨૦

26/6/2020

કાર્યપાલક ઈજનેર અને સભ્ય સચિવ
o/c મકાન ફાળવણી સમિતી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ રવાનાઃઉપરોકત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂં.